કૌરવોના સૌથી મોટા હિતેચ્છુ હતો. જ્યારે કે એવું જરાય નથી. શકુનિ જ કૌરવોનો વિનાશનું સૌથી મોટું કારણ હતું. તેણે જ કૌરવોનો વંશ સમાપ્ત કરવા માટે મહાભારતના યુદ્ધની પૃષ્ઠભૂમિ તૈયાર કરી હતી. તેણે આવું કેમ કર્યુ?

**શકુનિ જ હતો કૌરવોના વિનાશનું કારણ**

એક સાધુના જણાવ્યા અનુસાર ગાંધારીના લગ્ન હતી. જ્યારે ધૃતરાષ્ટ્રને આ વાતની જાણ થઈ ત્યારે તેમણે ગંધાર નરેશ સુબાલા અને તેના ૧૦૦ પુત્રોને જેલમાં નાંખી દીધા અને ઘણી જ યાતનાઓ આપી.

ખાવા માટે તેમને માત્ર એક મુઠ્ઠી ચોખા આપવામાં આવતા હતાં. એક - એક કરીને સુબાલાના પુત્રો મરવા લાગ્યા. સુબાલાએ પોતાના સૌથી નાના પુત્ર શકુનિને બદલો લેવા માટે તૈયાર કર્યો. રણનીતિ અંતર્ગત પહેલા સુબાલાએ ધૃતરાષ્ટ્રને શકુનિને છોડી મુકવાની વિનંતી કરી જે ધૃતરાષ્ટ્રે માની લીધી. સુબાલાએ શકુનિને પોતાની કરોડરજ્જુના પાસા બનાવવા માટે કહ્યું. બીજી તરફ પાસા કૌરવ વંશના નાશનું કારણ બન્યા. શકુનિએ હસ્તિનાપુરમાં સૌનો વિશ્વાસ જીત્યો અને ૧૦૦ કૌરવોનો અભિભાવક બન્યો. તેણે દુર્યોધનને યુધિષ્ઠિર વિરૂધ્ધ ઉશ્કેર્યા અને સાથે જ મહાભારતના યુદ્ધનો આધાર

**પાંચ પતિ**

દ્રૌપદી પોતાના ગત જન્મમાં ઈન્દ્રસેન નામના ઋષિની પત્ની હતી. તેના પતિનું નિધન વહેલું થઈ ગયું હતું. ઈચ્છાઓની પૂર્તિ માટે તેણે ભગવાન શિવને પ્રાર્થના કરી. ભગવાન શિવ જ્યારે તેની સામે પ્રગટ થયા ત્યારે તે ગભરાઈ ગઈ અને તેણે પાંચ વખત પોતાના માટે વર માંગ્યો. ભગવાન શિવે બીજા જન્મમાં તેને પાંચ પતિ આપ્યા.

# બ્લડ કેન્સર અને બીજા લોહી વિકારના રોગોથી પીડાતા લોકોને તમે પણ બચાવી શકો

## અત્યાર સુધીમાં ગુજરાતમાંથી ૧૬ દાતાઓએ પોતાના રક્તકણોનું દાન કર્યુ છે અને આજે તેઓ પોતે પણ આદરભર્યુ સ્વસ્થ જીવન જીવી રહયા છે

**સંજય દવે**

ભારતમાં દરરોજ આશરે ૪૦ લોકોમાં જીવલેણ લોહી વિકારનું નિદાન કરવામાં આવે છે. ગુજરાતમાં દર વર્ષે લોહીના કેન્સરના ૫,૦૦૦ કેસો નોંધાતા હોવાનો એક અંદાજ છે. ગુજરાતમાં સિકલ સેલ રોગના ૭૦ હજાર દર્દીઓ છે. આવી રક્ત વિકૃતિ તેમજ બ્લડ કેન્સર (લ્યુકેમિયા, લિમ્ફોમા વગેરે) અને થેલેસેમિયા જેવા લોહી સંબંધિત રોગોથી પીડાતા લોકો માટે બ્લડ સ્ટેમ સેલ (રક્તકણ) ટ્રાન્સપ્લાન્ટ એ જીવવાની આખરી આશા છે. આવા દર્દીઓને આનુવંશિક રીતે અનુરૂપ (મેચ) થાય એવા દાતાઓની જરૂર હોય છે. ૧૦,૦૦૦માં ૧ કે પછી ૨૦,૦૦,૦૦૦માં ૧ ભારતીયને જ આનુવંશિક અનુરૂપ જોડ મળે છે. આવા દર્દીઓને પોતાના કુટુંબમાંથી અનુરૂપ જોડ મળવાની સંભાવના ૨૫ ટકા જેટલી જ છે. બાકીના લોકોને, સંબંધીઓના હોય એવા અજાણ્યા દાતાઓ ઉપર જ આધાર રાખવો પડે છે. અનુરૂપ જોડ મળવાની આટલી ઓછી સંભાવનાઓ છે ત્યારે, સ્ટેમ સેલ (રક્તકણ) દાન કરવા ઈચ્છતા વધુને વધુ દાતાઓની માહિતી એકત્ર કરવામાં આવે તે ખુબ જરૂરી છે.

**આનુવંશિક રીતે અનુરૂપ બ્લડ સ્ટેમ સેલ દાતા મેળવવાનો ઉપાય શું ?**

૨,૫૦,૦૦,૦૦૦ નોંધાયેલા દાતાઓ સાથે દુનિયાભરમાં ૫૦થી વધુ રજીસ્ટ્રીમાંથી સંબંધી ન હોય એવા દાતાઓ મળી આવે છે. તેમના બ્લડ સ્ટેમ સેલના દાન દ્વારા દર્દીઓનો જીવ બચાવી શકાય છે. ભારતમાં ચેન્નાઈમાં મુખ્ય કાર્યાલય ધરાવતી 'દાત્રી' નામની સંસ્થા, ભારતની સૌથી મોટી સ્વૈચ્છિક બ્લડ સ્ટેમ સેલ દાતાઓની રજીસ્ટ્રી છે. વર્ષ ૨૦૦૯માં રઘુ રાજગોપાલ, ડૉ. નેઝીહ સેરેમ અને ડૉ. સૂ યંગ યાંગ દ્વારા આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. 'દાત્રી'નો મુખ્ય ઉદ્દેશ્ય બ્લડ સ્ટેમ સેલ સારવારના ઈચ્છુક દરેક દર્દી માટે તંદુરસ્ત, સ્વૈચ્છિક પણે તૈયાર અને આનુવંશિક રીતે અનુરૂપ દાતા શોધવામાં મદદ કરવાનો છે. 'દાત્રી'માં ૧,૮૮,૦૦૦થી પણ વધુ સ્વૈચ્છિક દાતાઓ નોંધાયેલા છે. 'દાત્રી'એ ૨૩૪ બ્લડ સ્ટેમ સેલ દાનમાં મદદ કરી છે. જેમાં ૨૭ આંતરરાષ્ટ્રીય દર્દીઓનો પણ સમાવેશ થાય છે. 'દાત્રી'નાં ૧૫ કલેક્શન સેન્ટર્સ (લોહીનો નમુનો લેવાનાં કેન્દ્રો) છે અને સંસ્થાએ આખી દુનિયામાં ૪૬ ટ્રાન્સપ્લાન્ટ કેન્દ્રોને સેવાઓ આપી છે. નહિ નફો, નહિ નુકસાનના ધોરણે ચાલતી આ સંસ્થા 'બોન મેરો ડોનર્સ વર્લ્ડ વાઈડ' સાથે રજીસ્ટર્ડ છે અને 'વર્લ્ડ મેરો ડોનર્સ એસોસિયેશન'ની સભ્ય છે.

**તમે બ્લડ સ્ટેમ સેલ દાતા કેવી રીતે બની શકો ?**

તમારા એચએલએ (હ્યુમન લ્યુકોસાઈટ એન્ટીજન)નો પ્રકાર નક્કી કરવામાં માટે તમારા ગાલની અંદરના સેલના નમુનાને તમારા ગાલની અંદરના ભાગમાંથી જંતુરહિત રૂ શોષક દ્વારા એકત્રિત કરવામાં આવે છે. એચએલએના પ્રકારને જાણવા, એકત્રિત નમુનાને લેબોરેટરીમાં મોકલવામાં આવે છે અને તેનાં પરિણામોને 'દાત્રી'ના ડેટા બેઈઝમાં સંગ્રહ કરવામાં આવશે. આમ ફક્ત ૩-૪ મિનિટમાં જ તમે તમારી નોંધણી કરી કોઈક દર્દીને જીવનદાનની તક આપી શકો.

દેશમાં ખુબ ઓછી જાગૃતિ અને પરિફેરલ બ્લડ સ્ટેમ સેલ દાન માટે નહીવત તબીબી સંસાધનો હોવા છતાં, 'દાત્રી'એ અત્યાર સુધીમાં ૧,૮૫,૧૫૧ દાતાઓની નોંધણી કરી છે. 'દાત્રી'એ ૨૩૦ ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા હાથ ધરી છે. અત્યાર સુધીમાં ગુજરાતમાંથી ૧૬ દાતાઓએ પોતાના બ્લડ સ્ટેમ સેલનું દાન કર્યુ છે. તેમાંથી ઘણાં બધાં જન્મજાત જીવલેણ લોહી-વિકાર ધરાવતાં બાળ- દર્દીઓ હતાં. તમારા રક્તકણોનું દાન કરવાથી તમને કોઈ નુકસાન થતું નથી. તમે પણ જીવલેણ લોહી - વિકાર ધરાવતા દર્દીઓને બચાવી શકો છો. વધુ માહિતી મેળવવા માટે અને દાતા તરીકે નામ નોંધાવા માટે 'દાત્રી'ની વેબસાઈટ www. datri.org ની મુલાકાત લઈ શકાય.

**જાણો**

# જૂના જૂનાણાનું જુનું નાણું

જૂનાગઢમાં ઢાલગરે ઉપર "નથ કૃપારામનો ડે